સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ઉખણીયે બેઠો છું, ઉઠવાની તૈયારી છે!
રૂક્ષ મૌને રહું છું રૂઠવાની તૈયારી છે !
છૂટવાની તૈયારી છે બધાં બંધનો તોડી -
ને છે સૌ ગમગીન હૂઠવાની તૈયારી છે?!

હાઈકુ

છોડી જવાની -
આવી છે ઉતાવળ -
આ ભૂતાવળ...

રમું છું દાસ
હું બનીને કનૈયો -
સૌનો નનૈયો!!

ચિંતન

દૈવં બિનાતિ પ્રયત્નં કરોતિ યત્તદ્વિફલમ્ ॥

ઉપરોક્ત સૂત્ર જ્ઞાનગંગોત્રીમાંથી લેવામાં આવેલ છે.

ભાગ્ય પુરુષાર્થીને જ સહકાર આપે છે.

સ્પષ્ટ છે કે ભગવાન પણ તેને સાથ આપે છે, જે પુરુષાર્થી હોય. એવા લોકોનું ભાગ્ય અને ભગવાન સાથ નથી આપતા, જે વધારે તકની રાહ જોવામાં હાથ ઉપર હાથ ધરીને બેસી રહેતા હોય, સાચી રીતે કહીએ તો આવા લોકોને સાથ કોઈ પણ આપતું નથી.

સફળતાની આશા રાખનારાઓ માટે જરૂરી છે કે તે ભાગ્યના વિશ્વાસ પર ન રહે, પરંતુ તે પોતે પુરુષાર્થ કરે, સફળથા માટે એક હદ સુધી પરિસ્થિતિઓ જવાબદાર છે. પણ આખરે સફળતા માટે ઘણી હદ સુધી વ્યક્તિ પોતે જ જવાબદાર હોય છે. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એવું વિચારીને જો તે પોતાની પૂરી ક્ષમતાના હિસાબથી કામ કરવા જોડાઈ જાય, તો સફળતાના રસ્તા ઉપર તે પણ આગળ વધી શકે છે. કારણ કે છેવટે આવી સ્થિતિમાં ભાગ્ય અને ભગવાન પણ એની સાથે જ થઈ જાય છે.

સુવિચાર

- તફાવતની તીવ્રતા જુઓ... ફુલોની મુઠ્ઠીમાં દબાવશો તો ફૂલને ઈજા થશે...
  અને કાંટાને દબાવશો તો મુઠ્ઠીને ઈજા થશે - **જન્મભૂમિ**
- જિંદગીની સૌથી મોટી બચત એટલે લોકોના દિલમાં તમે બનાવેલી જગ્યા - **એસ. ભટ્ટાચાર્ય**
- નફરત કરીને કોઈનું માન શા માટે વધારો છો,
  માફ કરીને શરમાવી દેવાની ટેવ પણ ખોટી નથી - **રોહિત શાહ**
- પ્રભાવિત કરે એનાં કરતાં પ્રફુલ્લિત કરે એ વધુ ટકે છે, પછી એ ફૂલ હોય કે સંબંધ - **ઈશિતા**
- દરેક સંબંધ હૂંફ માગે છે... એ શબ્દોની હોય,
  સ્પર્શની હોય કે પછી વિચારોની - **કાજલ ઓઝા વૈદ્ય**
- ક્યારેક અવ્યક્ત આનંદમાં આંસુઓમાં અને શાંત દુઃખ હાસ્યમાં છુપાયેલું હોય છે - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : દીવેલમાં ઘોડાવજનું ચૂર્ણ મિક્સ કરીને તે પેસ્ટને દૂંટી આસપાસ માલિશ કરવાથી પ્રસવની પીડામાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

રાજાને થયું મારી પ્રજા ધન-ધાન્યથી સમૃદ્ધ બને અને જયાં કોઈ ગરીબ શોધ્યો ન જડે. પ્રજા પુષ્કળ કામ કરે અને પુષ્કળ સુવિધા પામે આ માટે પ્રજાને પ્રચંડ પુરુષાર્થ કરવાનું આહવાન આપ્યું. એને વિચાર આવ્યો. કવિ કવિતા લખે, તો એનાથી કંઈ પ્રજાનું પેટ ભરાવાનું નથી. સંગીતકાર સંગીત રેલાવે એનાથી પ્રજાને કોઈ લાભ થવાનો નથી આથી એણે રાજયમાં સાહિત્ય, સંગીત જેવી કળાઓ ઉપર પ્રતિબંધ મૂક્યો એટલું જ નહીં પણ પ્રજાને આવી 'નિષ્ક્રિય' પ્રવૃત્તિથી દૂર રહેવાની ચેવતણી આપી. એક દિવસ રાજા જંગલમાં શિકાર કરવા ગયો. અને ઘોડાનો પગ લપસી જતા ઊંડા ખાડામાં રાજા પડી ગયો અને બેભાન થઈ ગયો. થોડીવારમાં એ ભાનમાં આવતો હતો ત્યારે તેને કાનમાં મોહક વાંસળીની ધૂન સંભળાઈ. એને ધૂન ખૂબ ગમી. ધૂનથી જાણે દેહમાં નવો સંચાર થયો હોય એવો અનુભવ થયો. પીડાને પણ વિસરી ગયો. રાજા અવાજની દિશામાં આગળ ગયો ત્યારે એને ખ્યાલ આવ્યો કે એક નાનો બાળક ઝાડ નીચે બેસીને વાંસળી વગાડી રહ્યો હતો. અદ્ભૂત વાંસળી વાદન પૂરું કરતાં બાળકે આંખ ખોલી ત્યારે રાજાએ પૂછ્યું, 'બેટા, તું આવા ઘનઘોર જંગલમાં આવીને એકલો વાંસળી વગાડે છે? આવું શા માટે કરે છે?' બાળકે કહ્યું, 'અમારા રાજાએ સંગીત પર પ્રતિબંધ મૂક્યો છે. હું સંગીત વિના એક ક્ષણ પણ રહી શકતો નથી. મને વાંસળી વગાડીને અનુપમ આનંદ મળે છે, કોઈ મારી આ કળા જોઈ ન જાય સાંભળી ન જાય માટે હું જંગલમાં એકલો આવી જઉં છું..' રાજાને મૂર્છા વળી. એને સમજાયું કે સુખ માત્ર ભૌતિક સાધનોમાં નથી. કળા પાસે પણ સુખ અને આનંદની શક્તિ છે. પ્રજાને માટે માત્ર ભૌતિક સમૃદ્ધિ જ પર્યાપ્ત નથી, આથી પોતાના રાજયમાં પરત ફરી તેમણે સંગીત અને સાહિત્ય પરનો પ્રતિબંધ દૂર કર્યો.

સિંહના કુદરતી વસવાટ માટે જાગૃત બનીએ

તંત્રીસ્થાનેથી...

ગીરના જંગલને એશિયાટિક સિંહોનું નિવાસસ્થાન ગણવામાં આવે છે. સિંહ એ હિંદુસ્તાનની અસ્મિતાનું પ્રતીક છે. કયારેક એને રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો પ્રાપ્ત થયેલ હતો; કાળક્રમે એ દરજ્જો વાઘે છીનવી લીધો છે. સિંહ ખાનદાન પ્રાણી છે. એ સામાન્ય રીતે છેતરીને હુમલો નથી કરતો બલકે છંછેડ્યા વગર મિજાજ નથી ગુમાવતો. ભૂખ લાગે ત્યારે શિકાર કરે છે અને પછી આળસુ રાજવંશીની જેમ પરિવાર સાથે પડ્યો રહે છે. માનવીને શક્ય હોય ત્યાં સુધી હેરાન નથી કરતો. આવા સિંહના કુદરતી રહેઠાણ પર માણસની કૂડી નજર પડે છે ત્યારે સ્વાભાવિક રીતે જ એના અસ્તિત્વને ટકાવવા એ જંગલ વિસ્તાર છોડી રહેણાક વિસ્તારોમાં ફરતો થાય છે. કયારેક કોઈ નેસમાંથી ઘેટાં બકરાં કે વાછરડાંનું મારણ કરે છે તો કયારેક કોઈ ખેડૂતની વાડીમાં જ પરિવાર સહિત અડિંગો જમાવી દે છે. ગુજરાત હાઈકોર્ટે આ જંગલના રાજા સામે માનવી દ્વારા ઊભા કરાયેલ પડકારો સંદર્ભે હાથ ધરેલ 'સુઓમોટો'માં અદાલત દ્વારા નિયુક્ત એમિક્સ ક્યુરી તરફથી ગંભીર ચેતવણી આપી છે. અને એથી 'એશિયાટિક લાયન'ના આ કુદરતી નિવાસ સમાન ગીર જંગલનો વિનાશ થવાની સંભાવના છે. એમિક્સ ક્યુરીએ હાઈકોર્ટને એવી ફરિયાદ પણ કરી છે કે રેલવે લાઈનના અપગ્રેડેશન અને વીજળીકરણ માટે ૧૪૮ હેકટર જમીન આપવાનો પ્રસ્તાવ પર્યાવરણીય સમીક્ષા વગર જ કરવામાં આવેલ છે. જો કે સુનાવણી દરમિયાન સરકાર પક્ષેથી જણાવાયું છે કે ગીર જંગલમાં રેલવે લાઈન અપગ્રેડેશન, ઓઈલ ગેસ પાઈપલાઈન કે ઓપ્ટિકલ ફાઈબર પાથરવા માટે જમીનની કોઈ ફાળવણી કરાઈ નથી. ફક્ત પ્રસ્તાવો જ કરાયા છે. હાઈકોર્ટે આ રજૂઆત સામે વિરોધ નોંધાવી ૧૪૮ હેકટર જમીન આપવાનો પ્રસ્તાવ કોઈ પણ જાતની પર્યાવરણીય સમીક્ષા વગર જ થયો હોવાની વાત દોહરાવીને સરકાર ઉદ્યોગપતિઓની શેહમાં આવી સિંહોનું કુદરતી વસવાટનો વિનાશ કરવાની દિશામાં આગળ ન વધે એવી ચેતવણી આપી છે. દેખીતું છે કે વિકાસની આંધળી દોટમાં ખેતીલાયક જમીનો રોજના હિસાબે 'નોન એગ્રીકલ્ચર' મથાળે મુકાતી રહી છે અને જયાં કયારેક હરિયાળાં ખેતરો હતાં ત્યાં આજે સિમેન્ટ કોંક્રીટનાં જંગલો ઊગી નીકળ્યાં છે. ઉદ્યોગોથી રોજીરોટી મળી રહેશે એવી અપેક્ષાએ ગ્રામીણ વિસ્તારોની પ્રજા પણ હોંશે હોંશે પોતાની જમીનો વેંચીને એમાં ઊભી થયેલ ફેકટરીઓમાં મજૂરી કરતી થઈ ગઈ છે. એથી ખેડૂત વખત પૂરતો બે પાંદડો થયેલો જરૂર દેખાય છે, પરંતુ પરંપરાથી ચાલી આવતી ખેતીનો પવિત્ર વ્યવસાય દિનપ્રતિદિન સંકોચાઈ રહ્યો છે. એ મુદ્દે પણ સરકારે ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ, પણ સરકાર તો શરૂથી જ ઉદ્યોગપતિઓ અને બિલ્ડર લોબીની તરફદારી કરતા કાયદા બનાવતી રહી છે. કાળક્રમે એક સમય એવો પણ આવી શકે કે ગુજરાતની ખેતીને ગળે ટૂંપો લાગી જાય અને અત્ર તત્ર સર્વત્ર પ્રદૂષણ ફેલાવતાં કારખાનાંનાં ભૂગળાં જ નજરે પડે. સિંહોના કુદરતી વસવાટની જેમ જમીન સાથે નાભિનાળ સંબંધથી જોડાયેલ ખેડૂતનો પણ કાયાકલ્પ થતાં એ એની ઓળખ ગુમાવી રહ્યો છે. હાઈકોર્ટની ચેતવણીને ગંભીરતાપૂર્વક નહીં લેવામાં આવે તો જે પ્રાણીના નામે આપણેગર્વ અને ગૌરવ અનુભવતા રહીએ છીએ એનો વિનાશ થઈ જશે. સિંહને નેસમાં ઘૂસી જઈને વાછરડાં કે બકરાં ઉપાડી જવાની ફરજ કોણ પાડે છે? આટલી વાત વેળાસર નહીં સમજાય તો સિંહને એક 'પ્રવાસન જોણું' બનાવનાર સરકાર એના વિનાશ માટેની તહોમતદાર લેખાશે.

આ ચિંતાનો નહીં પણ સાવચેતી રાખવાનો સમય છે !

આરપાર
રાઘવજી માધડ

કોઈ બે-જવાબદાર નેતાઓનું નિવેદન હતુંઃ 'કોરોના થોડો સમય રહેશેને પછી ચાલ્યો જશે !' કોરોના આ નેતાઓને કાનમાં કહી ગયો કે પછી શાન સમજાવી ગયો હશે !? અરે...બફાટની એક હદ હોય.પણ આવું કહેવા પાછળનું નક્કી કોઈ ગણિત હશે. ખેર...આવી મનઘડત વાતથી સૌ કોઈને ચિંતા સમેત આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે. પણ ફરી કોરોનાએ જોરદાર ઉથલો માર્યો... તે નરી ને નઘરોળ હકીકત છે.

એક વરસ થયું, કપરાકાળમાંથી પસાર થયા તેનું. આ કોરોનાની વસમી વરસી વળવાના વખતે ફરી પાછો ફૂંફાડો મારી, માથું કાઢીને ઉભો રહ્યો છે. ક્યારે જશેપ. ને માનવજાત મુક્ત થશે તે કાંઈ કહેવાય એવું નથી.આ કપરી ને કફોડી સ્થિતિમાં સંક્રમિત ન થવાય તે માટે જાતે સાવધ રહેવું એ શ્રેષ્ઠ ઉપાય છે.

આ હાલતમાં સૌથી પ્રથમ કોરોનાનો ટેસ્ટ કરાવવો અગત્યનો છે. કારણ કે ક્યાંક ખાનગીમાં કોમ્યુ નીટી ટ્રાન્સમીશનની વાતો શરુ થઈ છેતો તબીબી જગતમાં આ નવો ટ્રેન્ડ ચેપી હોવાની પણ જાણી-અજાણી વાતો ન્યુઝમાં જોવા મળે છે. આ વખતની કોરોનાની નવી કહેર કે લહેરમાં પરિવારોના પરિવારો સંક્રમિત થઈ રહ્યા છે.તેમાંથી મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે. પણ હોમમાં, નિયમો કે કોરોના અંગેની ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન થાય તે જોવું પણ અતિ અગત્યનું છે.

રેપિડ ટેસ્ટ માટે લાંબી લાઈનો લાગવા માંડી છે.સ્વસ્થ જણાતી વ્યક્તિ પણ કોરોનાગ્રસ્ત હોય. કારણ કે કોઈપણ લક્ષણ વિનાના હજારો કેસ નોંધાયાનું પણ ન્યુઝમાં આવ્યું છે. કોરોના સાઈલેંટ કિલર તરીકે કુખ્યાતી મેળવે તે પહેલા ટાઈમ વેસ્ટ કર્યા વગર ટેસ્ટ કરાવવો તે બેસ્ટ ઉપાય છે. જેમાં વ્યક્તિ સાથે પરિવાર, સમાજ ને સમગ્ર રાષ્ટ્રનું કલ્યાણ નિહિત છે. આને આપણી રોકડી રાષ્ટ્રભક્તિ ગણી શકાય !

ગાંધીજીના અગિયાર મહાવ્રતમાં 'અહિંસા'નો સમાવેશ થાય છે. કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે કે, 'અહિંસા એટલે બીજાના જીવન પ્રતિ,તેમના વ્યક્તિત્વ પ્રતિ આદર.હ્વ જયારે ઓશો રજનીશે સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે, 'હિંસા ન કરવી એટલે અહિંસા એમ કહેવું ભૂલ ભરેલું છે. અહિંસાનો અર્થ છે, કે પ્રાણીમાત્ર પર પ્રેમ રાખવો.' કોરોનાથી સંક્રમિત ન થવું, સાવધ રહેવું એ જાત પ્રત્યેનો પ્રેમ, આદર છે જયારે અન્ય કોઈને આપણા દ્વારા સંક્રમિત ન થવા દેવા તે પરિવાર અને પ્રાણીમાત્ર પર પ્રેમ રાખવા બરાબર છે ! બીજી રીતે કહીએતો કોરોનાથી સ્વસ્થ રહો અને રહેવા દો. જીવો અને જીવવા દો ! આ જીવનમંત્ર જેવોતેવો નથી.

આ લખતા પૂર્વે કોરોનાના ટેસ્ટ માટેની લાંબી લાઈનમાં ઊભા રહેવાનો આકરા તાપ નીચે બળ બળતો લ્હાવો લીધો છે.લાઈનમાં વૃદ્ધો ઓછાને યુવાનો વધારે હતા.કોઈજાતના કચવાટ વગર કામ ગતિમાં હતું ત્યાં સરંક્ષણ પાંખની એક ટૂકડી ટેસ્ટ માટે આવી,દૂર ઉભી રહી. દેશસેવા અર્થે અહર્નિશ ખડેપગે ઊભા રહેતા આ અડીખમ યોદ્ધાઓની શિસ્ત કાબિલેદાદ હતી. તો ટેસ્ટ માટે રોકાયેલા સેવાકર્મીઓની સમજ અને સમયસૂચકતા પ્રશંસાને પાત્ર હતી.આ સરંક્ષણકર્મીઓની ટેસ્ટ માટે ખાસ વ્યવસ્થા કરી,અગ્રીમતા આપી હતી.જેની નોંધ લેવી ઘટે.બે-ચાર કલાકથી તાપમાં ઉભેલી આમ જનતા કોઈ કચવાટ વગર સમગ્ર પ્રક્રિયાને અહોભાવથી જોઈ રહી હતી. વતન,પરિવાર છોડી દેશસેવાને સમર્પિત જવાનોને આ તકે વંદન કરવા રહ્યા.

સવારમાં ચાની ઘૂંટ સાથે છાપાના સમાચારને ઘૂંટડે ઘૂંટડે પીવાની આદત છૂટે કે સરળતાથી વછૂટે એવી નથી. કોરોનાથી સંક્રમિત થતા લોકોની સંખ્યાના આંકડા જોતા અધધધ... થઈ જાય છે. ને ચાનો કપ હોઠના બદલે હાથમાં રહી ધ્રુજવા લાગે છે. આમાં તો કયાંક લોકોની ભીડને પણ જવાબદાર ગણી શકાય. થાય કે, માણસ એટલો બધો સંવેદનહિન થઈ ગયો છે કે તેને હવે મોતનો ભય પણ લાગતો નથી. હા, મોત નિશ્ચિત છે. મોતને કોઈ રોકી શકે નહીં પણ મૂળ મુદ્દો મરીએ ત્યાં સુધી સ્વસ્થપણે જીવી લેવાનો છે.

પહેલીવાર હું નેગેટીવ સાબિત થયો ને ત્રણ કલાકની તપશ્ચર્યા પછીનો આનંદ અવર્નીય હતો.પણ અહીંથી અટકવું પાલવે એવું નહોતું.વહેલીતકે વેક્સિનનો ડોઝ લેવો જરૂરી હતો.સવારે અમે બંને અર્બન હેલ્થ સેન્ટરમાં પહોંચી ગયાં. ભીડમાં બે-ત્રણ કલાક ઊભા રહેવાની માનસિક તૈયારી હતી. તેથી સઘળું સ્વાભા વિક લાગ્યું. પણ કોઈ આક્રોશ, અકળામણ વગર તદન સ્વસ્થતાથી સેવારત આરોગ્યકર્મીઓને સલામ ભર વાનું મન થાય એવું હતું. તેમાં લગભગ યંગસ્ટર્સ હતા, જે કોન્ટ્રાક્ટ બેઈઝવાળા જ હશેને !

આ સમય ચિંતાના બદલે સાવચેતી રાખવાનો અને વહેલીતકે વેક્સિન લેવાનો છે !

છેલ્લે :

બે અક્ષર 'મોત', ત્રણ અક્ષર 'જિંદગી' અને વચ્ચે અઢી અક્ષરના 'પ્રેમ' થી જીવવાનું ને જીતવાનું છે.

email : ra_madhad13@yahoo.com
http://raghavjimadhad.blogspot.com

દુનિયાનું સૌથી મોટું મેનેજમેન્ટ હાઉસ (ઘર) સ્ત્રી જ સંભાળી શકે છે

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આજની દુનિયા સફળતાને પૂજે છે. શ્રેષ્ઠતાને આવકારે છે. નિષ્ફળતાની આ જગતમાં કોઇ જ કિંમત નથી. એને પરિણામે વિશ્વ આખું આજે સતત સ્પર્ધાત્મક જીવન જીવી રહ્યું છે. સૌ કોઇને એકબીજાથી શ્રેષ્ઠ થવું છે. જીતવું છે. નામના મેળવવી છે. આર્થિક સંપતિ મેળવવી છે. પ્રસિદ્ધિ જોઇએ છે. આવી સ્થિતિની વચ્ચે આજે આપણું જગત દોડી રહ્યું છે. પરંતુ આ આખા જગતની વચ્ચે એક વ્યક્તિ એવી જીવી રહી છે કે જે કદીયે આવી કોઇ સ્પર્ધામાં આવતી નથી. જેને કદીયે બીજાથી શ્રેષ્ઠ થવું નથી. કોઇને હરાવવા નથી. કોઇનાથી જીતવું નથી. પ્રસિદ્ધિ કે સંપતિની લાલસા નથી. અને છતાંય આ વ્યક્તિ એવી છે કે એના વિના આપણો સંસાર ચાલતો નથી. એ વ્યક્તિ છે ''ગૃહિણી'' એક સામાન્ય ગૃહિણી.

કેટલાક વર્ષો પહેલા એક ખુબ મોટા કોર્પોરેટ હાઉસે બેંગલોરમાં ''દુનિયાના શ્રેષ્ઠ મેનેજમેન્ટ ગુરુઓ'' નું સમ્મેલન યોજ્યું હતું. જેમાં બધાને એક સવાલ પૂછાયો હતો. '' તમે સૌથી સફળતમ મેનેજર કોને માનો છો ? '' તો એમાં ભાગ લેનાર તમામ વિશેષજ્ઞોએ રોનાલ્ડથી નેલ્શન મંડેલા સુધી, ચર્ચિલથી મહાત્મા ગાંધી સુધી, ટાટાથી હેનરી ફોર્ડ સુધી ને ચાણક્યથી બિસ્માર્ક સુધીના નામો આપ્યા હતા. પરંતુ આ પ્રશ્નનો સાચો જવાબ કોઇએ નહોતો આપ્યો. બધાની નજર આખા જગતના અર્થકારણ, રાજકારણ કે સમાજકારણ ઉપર હતી. આ બધાયનું સર્જન કરનાર ''ગૃહિણી'' ઉપર કોઇનું ધ્યાન નહોતું. કેમ કે એ પૂછાયેલ પ્રશ્નનો સાચો જવાબ હતો ''એક સામાન્ય ગૃહિણી''.

પ્રત્યેક સ્ત્રીમાં ઇશ્વરે અનેક પ્રકારની શક્તિ – ઊર્જા ભરી છે. દુનિયાનું સૌથી મોટું મેનેજમેન્ટ હાઉસ (ઘર) આ સ્ત્રી જ સંભાળી શકે છે. આજના આ યુગમાં ''ઘર'' સંભાળવું એ સૌથી કપરી બાબત છે. એક મોટી કંપની સંભાળવી, ઓફિસ સંભાળવી, અરે રાજ્ય કે દેશ સંભાળવો સરળ બાબત છે કેમ કે આ બધામાં બધી જ પ્રકારની સત્તા અને તાકાત મળતી હોય છે. તમામ પ્રકારની સુવિધાઓ, આર્થિક સમૃદ્ધિ અને ભરપુર પાવર મળતો હોય છે. જેના થકી કોઇપણ પ્રકારના પ્રશ્નો ઉકેલી શકાય છે. કોઇ વ્યક્તિને કે અધિકારીને કે મેનેજરને કે કોઇપણને કહ્યું ના માને તો નોકરીમાંથી દૂર કરી શકાય છે, એની બદલી કરી શકાય છે, એના સ્થાને બીજાની નવી નિમણુંક કરી શકાય છે. એક સમસ્યાના દસ ઉકેલ હોય છે. જ્યારે એક ''ગૃહિણી'' માટે કોઇ જ વિકલ્પો હોતા નથી. સૌથી કઠીન વાત તો એ છે કે સ્ત્રી જ્યારે પરણીને સાસરે જાય છે ત્યારે તે ઘર તેના માટે સાવ અજાણ્યું અને પરાયું હોય છે. અને આખી જિંદગી એ જ ઘરને પોતાનું બનાવીને રહેવાનું હોય છે. વળી કોઇ સત્તા કે સ્વતંત્રતા હોતી નથી. અનેક મર્યાદાઓ અને બંધનોની વચ્ચે રહીને બધાને પ્રેમ અને લાગણીથી, સદભાવ અને સ્વભાવથી જીતવાના હોય છે. વળી કોઇની બદલી કરી શકતી નથી. કોઇને દંડ આપી શકતી નથી. કોઇને પરિવારમાંથી દૂર કરી શકતી નથી. અથવા નવી કોઇ વ્યક્તિને પરિવારમાં એપોઇન્ટ પણ કરી શકતી નથી. જે છે તેની સાથે આખી જિંદગી અનુકૂળ થઇને રહેવું પડે છે. અને આમ જ આ ''ગૃહિણી'' સાવ અજાણ્યા વ્યક્તિઓ, નવા બનેલા સંબંધોને પોતાના બનાવીને એમની વચ્ચે રહીને, બધાના સ્વભાવને ઓળખીને એમને અનુરૂપ બનીને બધાના દિલ જીતવાનો પ્રયત્ન કરે છે. અને આમ કરવામાં મોટેભાગે સ્ત્રીએ પોતાના મા - બાપ, ભાઇ - બહેન સાથે હળવા મળવાનું ઓછું કરીને, પોતાના વ્યક્તિગત શોખ, ગમા અણગમા કે વિચાર કે સપના કે ઇચ્છા બધુ જ મનમાં રાખીને જીવવું પડે છે. નવા બનેલા સંબંધીઓને ગમતું કરવું પડે છે. અને ધારો કે સંયૂક્ય કુટુમ્બ નથી તો ય પતિ અને બાળકોને સંભાળવા પણ સહેલા નથી.

સ્ત્રીની સીક્સ સેન્થ ખુબ જ પાવરફૂલ હોય છે. એ સામેની વ્યક્તિને જલદીથી પારખી જાય છે. એને કારણે ઘરમાં ક્યું કામ કેવી રીતે કોની પાસેથી ક્યારે કરાવવું એનું જ્ઞાન ગૃહિણીને સારી રીતે હોય છે. ઘરમાં એ દરેક પાસેથી યોગ્ય રીતે કામ કરાવવાની ક્ષમતા રાખે છે. પ્રેમથી વાત કરવી કે ક્યારે કેટલો ગુસ્સો કરવો કે ક્યારે કેટલું રિસાઇ જવું કે ક્યારે કેટલી હઠ કરવી, આ બધુ ''ગૃહિણી'' ને ખુબ સારી રીતે આવડતું હોય છે. મોટા મોટા ઉદ્યોગોમાં કે કંપનીઓમાં ક્યારેક કામ અચાનક અટકી જતું હોય છે. કેમ કે કામનો સોર્સ અટકી જતો હોય છે કે સ્પેર પાર્ટસ ખૂટી પડે છે કે રૉ મટિરિયલ્સ નથી આવ્યું હોતું કે કારીગરો હડતાલ ઉપર હોય છે કે વીજળી નથી હોતી... કામ અટકવાના આવા ઘણા કારણો હોઇ શકે છે. પણ આજદિન સુધી એક પણ ઘરમાં કદી રસોઇ ના બની હોય કે શાકમાં મીઠું ઓછું પડ્યું હોય એવું બન્યું છે ખરું ? આજ સુધી આપણા સૌના જીવનમાં એક પણ વખત એવો પ્રસંગ નહી બન્યો હોય કે ઘરમાં વસ્તું નહી હોવાથી માએ કે પત્નીએ જમવાનું ના બનાવ્યું હોય. કે ગેસ ખતમ થઇ ગયો હોય કે કુકરની રીંગ તૂટી ગઇ હોય કે તેલ ના હોય કે લૉટ દળાવવો રહી ગયો હોય કે ઘરમાં શાક જ ના હોય કે... આવી અનેક નાની નાની જરૂરિયાતોને ગૃહિણી જાતે જ ઉકેલી નાખીને આપણી માટે બે ટાઇમ ભોજન - નાસ્તો, ચા - પાણી તૈયાર રાખે છે. પતિનો પગાર ગમે તેટલો ઓછો હોય પણ આ ગૃહિણી ઘર પરિવારને તૂટવા નથી દેતી. સૌને સંભાળીને બાળકોને યથાશક્તિ શિક્ષણ આપે છે. ઘરમાં ક્યારેક જો આપતકાલીન પરિસ્થિતિ આવી પડે છે તો પોતે કરેલી નાની નાની બચતની મોટી રકમથી પરિવાર પરનું સંકટ પણ ટાળે છે.

બધી જ સામગ્રીની વ્યવસ્થા, આખા પરિવારનું સંચાલન, સૌની સાથે સુમેળભર્યો તાલમેલ, અડોશ પડોશમાં સારા સંબંધો, પારિવારિક અને સામાજિક વ્યવહારો, પ્રસંગો, તહેવારો...આ બધુ કંઇ રીતે મેનેજ કરવું? એ તો આ ''ગૃહિણી'' જ કરી શકે. પરિવારમાં આર્થિક કટોકટી હોય તો ક્યારેક પોતાના આભુષણો ગીરવે મૂકીને કે ક્યારેક પતિને જાણ કર્યા વિના પિતા પાસેથી કે ભાઇ પાસેથી પૈસાની વ્યવસ્થા કરીને કે ક્યારેક નાના મોટા કામ કરીને કે ટ્યુશન કરીને પણ આ '' ગૃહિણી '' ઘર પરિવારને સંભાળે છે. આવી રીતે આર્થિક કટોકટીનો સામનો મોટા મોટા ઉદ્યોગો કે કંપનીઓ પણ નથી કરી શકતા. જે એક સાવ સામાન્ય ગૃહિણી હસતા હસતા મેનેજ કરી લે છે. ઘણી વખત ઘરમાં અચાનક મહેમાનો કે સગા સંબંધીઓ આવી ચડે, કોઇની બિમારી આવી જાય કે કોઇ પ્રસંગ આવી ચડે કે ઘરમાં છત કે દીવાલનું સમારકામ આવી જાય... આવા અચાનક આવી પડેલા ખર્ચાઓને પણ ગૃહિણી આસાનીથી પાર પાડે છે. એ એની સૂઝ અને દૂરદર્શિતાના ગુણ દર્શાવે છે જે મોટી મોટી કંપનીઓના મેનેજરોમાં પણ નથી જોવા મળતા. આવી ઈમરજન્શી, આવી પડેલી ચિંતાઓ, મુશ્કેલીઓને ઉકેલવા ગૃહિણી પાસે હોય છે શું ? માત્ર આંસુ અને મુશ્કાન. સાથે હોય છે પરિવારનો પ્રેમ, પ્રબળ ઈચ્છા, સમર્પણ અને ત્યાગની ભાવના. વળી ગમે તેવી વિકટ પરિસ્થિતિને સમજીને ઉકેલવાની ધીરજ. આવા ગુણ મેળવવા માટે ગૃહિણીને કોઇ ડિગ્રી કે તાલીમની જરૂર પડતી નથી હોતી.

બહારની દુનિયામાં નોકરી કરવી, કંપની કે સરકારમાં કામ કરવું, દુકાન ખોલી ધંધો કરવો સરળ છે પણ એક ઘર ચલાવવું ખુબ કઠીન છે. ઠંડુ-ગરમ પાણી, ચા નાસ્તો, સ્કૂલ, યુનિફોર્મ, ઓફિસ, ટ્યુશન, મંદિર, દવા, કપડાં, વાસણ, પાણી, બીલો, મોબાઈલ, ચાવી, અખબારો, આવી અનેક નાની નાની વ્યવસ્થાઓ નિયમિત રીતે ગૃહિણીએ કરવી પડતી હોય છે. અને એ પણ કોઇપણ જાતના સ્ટાફ કે પગાર વિના. સત્તા કે સ્વતંત્રતા વિના. એક બંધન કે મર્યાદામાં રહીને સફળ ગૃહિણી બનવાનું હોય છે.

આ સંસારમાં તમામ ક્ષેત્રની જેટલી પણ મહાન હસ્તીઓ મહાન બની છે. એમની સૌની પાછળ ક્યાંક ને ક્યાંક કોઇને કોઇ રીતે એક સામાન્ય ગૃહિણી - માતા કે પત્નીની ભૂમિકા રહી જ છે. ક્યાંક માતાના સંસ્કાર હશે તો ક્યાંક પત્નીનો પ્રેમ, સમજણ અને સમર્પણ હશે. અને તેથી જ આપણે કહી શકીએ કે વિશ્વની મહાન મેનેજમેન્ટ ગુરુ : ગૃહિણી જ છે.

9426060601.india@gmail.com

'સિઝન -૧૪' માં શું છે નવું અને કોની પાસે છે 'જીતનો મંત્ર'!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

આઈપીએલ -૧૪ તમે આ વાંચતાં હશો એના પાંચેક દિવસ જ દૂર હશે. ગયા વર્ષે તો કોરોનાને લીધે વતન સે દૂર યુએઇ માં આઈપીએલ રમાયેલ પણ ઘરઆંગણે રમવાની જે મજા હોય તે રોમાંચ અને ઉત્તેજના એમાથી ગાયબ હતી. કોરોના તો હજુ પણ છે જ, ઇનફેક્ટ હમણાં તો વધ્યો પણ છે પરંતુ આઈપીએલ ના ચાહકો માટે શુભ સમાચાર એ છે કે આ વર્ષે આઈપીએલ ઈઝ બેક ટુ ઈન્ડિયા..! યસ ૯ મી એપ્રિલે સાંજે ૭;૩૦ વાગ્યે ચેન્નઈમાં કરંટ વિજેતા મુંબઈ ઈંડિયંસ અને રોયલ ચેલેંજર બેંગલોર ના મુકાબલા સાથે ક્રિકેટની આ સૌથી માનીતી ટુર્નામેંટ શરૂ થઈ જશે. નો ડાઉટ કોરોનાને લીધે શરૂઆતની મેચોમાં દર્શકોને નો-એન્ટ્રી છે એટલું જ નહીં પણ કોરોનાને લીધે જ આ વખતે આઈપીએલ માત્ર છ જ મેદાનો પર રમાવાની છે પણ ચાહકોને અને ઓફકોર્સ બીસીસીઆઈ ને આશા છે કે કદાચ ટુર્નામેંટના પાછલા મેચોમાં દર્શકોની ચીચયારીથી સ્ટેડિયમો ગુંજી ઉઠશે.

દર વખતની જેમ આ વખતે પણ આઈપીએલ માં કશુક નવું હશે. ખેલાડીઓની વાત પછી કરીએ એ પહેલા એ જાણી લઈએ કે આ વખતે આઈપીએલમાં શું છે નવું ? શું છે આ વખતના ચેંજિસ ? સૌથી મોટી વાત તો એ છે કે આ વખતે કોઈ પણ ટીમના મેચ હોમગ્રાઉંડ પર નહીં હોય એનું એક કારણ તો કોરોના જ છે અને બીજું કારણ એ છે કે આ વખતે આખીયે આઈપીએલ માત્ર છ જ મેદાન અમદાવાદ, બેંગલોર, મુંબઈ, કલકત્તા, દિલ્હી અને ચેન્નઈ પર રમાવાની છે. મૂંબઈમાં તો અત્યારે કોરોનાનો જાલિમ કહેર છે એવામાં મૂંબઈમાં રમાનાર મેચો હેમખેમ પૂરા થાય એની આયોજકોને ચિંતા હશે જ. જો કે આ વખતે પણ ગઈ આઈપીએલની જેમ બાયો-બબલ નો કડક નિયમ છે જ અને એ નિયમોનો કડક અમલ થાય એ માટે દરેક ટીમ સાથે ચાર સભ્યોની ' બબલ ઈંટીગ્રીટી મેનેજર્સ ' ની વ્યવસ્થા છે જે બાયો-બબલ પર ધ્યાન આપશે. ખેલાડીઓની સુરક્ષા માટે હોટલમાં વધારે ચેક-ઈન કાઊંટર્સ રખાશે, મેચ દરમ્યાન બહાર ગયેલી બોલ ને યા તો બદલી નખાશે યા તો સેનિટાઈઝ કરીને વાપરવામાં આવશે. બીસીસીઆઈ ના ટોચના અધિકારીઓએ ખેલાડીને મળી શકશે નહીં એટલું જ નહીં પણ ખેલાડીઓના પરિવારજનો અને ટીમના માલિકો પણ બાયો-બબલમાં જ રહેશે.

એ જ રીતે આ વખતે વિવાદાસ્પદ 'સોફ્ટ સિગ્નલ' નો નિયમ કાઢી નખાયો છે તો ૯૦ મિનિટમાં ૨૦ ઓવર ફરજિયાત પૂરી કરવી પડશે એટલું જ નહીં પણ સુપર ઓવર ટાઈ મેચ પૂરી થયાના એક કલાકમાં જ રમાડવી પડશે એટ્લે જો સ્લો ઓવર રેટ ને લીધે મેચ મોડી થશે તો સુપર ઓવર ના પણ રમાઈ અને બંને ટીમને સરખા પોઈન્ટ આપી દેવાય એવું પણ બને. એ જ રીતે આ આઈપીએલ માં થર્ડ અમ્પાયર શોર્ટ રન નો નિર્ણય આપી શકશે એટલું જ નહીં પણ ગ્રાઉંડ અમ્પાયરના નો-બોલ ના નિર્ણયને ઉલટાવી પણ શકશે. નિયમોની સાથે સાથે મુંબઈ ઈંડિયંસ, રોયલ ચેલેંજર, પંજાબ અને ચેન્નઈએ પોતાની જર્સી પણ બદલી નાખી છે. પંજાબે તો નવી હેલ્મેટની સાથે સાથે ' કિંગ્સ ઈલેવન પંજાબ ' માં થી ટીમનું નામ જ ' પંજાબ કિંગ્સ ' કરી નાખ્યું છે, જોઈએ આ નવું નામ પંજાબને ફળે છે કે નહીં ?

પંજાબ નવા નામ અને જર્સીની સાથે સાથે કે.એલ.રાહુલ અને ટી-૨૦ સ્પેશીયાલિસ્ટ ડેવિડ મલાન ના ફોર્મ પર પણ મુસ્તાક છે. દરેક વખતની જેમ જ આ આઈપીએલમાં અમુક ખેલાડીઓ સરપ્રાઈઝ સાબિત થઈ શકે છે. આરસીબી ની જ વાત કરીએ તો ગઈ આઈપીએલ નો સ્ટાર દેવદત્ત પડ્ડિકલ, સચિન બેબી, મોહમ્મદ અઝહરૂદ્દીન અને રજત પાટીદાર કોહલીની સેના વતી અચંબિત કરી શકે છે. ચેન્નઈ સુપરકિંગ નો ફાસ્ટર ગૌતમ અને ગઈ આઈપીએલમાં ચમકેલો ઋતુરાજ ગાયકવાડ ધોની ના હુકમના એકકા સાબિત થઈ શકે છે તો ગાવસ્કરે જેના પર દાવ લગાવ્યો છે તે મુંબઈ ઈંડિયનમાં સૂર્યાકુમાર, હાર્દિક, ઈશાન કિશન, રોહિત જેવા ઇન્ફોર્મ ખેલાડીઓની સાથે સાથે ૨૦ વર્ષના સાઉથ આફ્રિકન ફાસ્ટર મારકો જેનસેન અને ઓલરાઉંડર અનુકૂલ રોય પર લોકોની નજર રહેશે અને હા જો તક મળી તો સચિનપુત્ર અર્જુનનું પાણી પણ મપાઈ જવાનું...! ૨૦૧૪ પછી આઈપીએલ રમતા ચેતેશ્વર પૂજારા, ચેતન સાકરિયા અને શેલડન જેક્સન પણ કઈક કરી છૂટવા રેડી જ છે. સનરાઈઝરનો અબ્દુલ સમદ ગઈ આઈપીએલ ની તોફાની બેટિંગ ચાલુ રાખી શકે છે તો રાજસ્થાન રોયલે ૫.૨૫ કરોડમાં ખરીદેલ શાહરુખખાન અને તીવેટિયા અને પંજાબના રવિ બિશનોઈ પણ પોતાની ઉપસ્થિતિ પુરવાર કરશે. આઈપીએલ શરૂ થતાં પહેલા જ ખેલાડીઓની ઈજાઓ અને બીજા સમાચારો ટીમને હેરાન કરી રહ્યા છે. શ્રેયસ ઈજાગ્રસ્ત થતાં દિલ્હીની કમાન રિષભ પંતને મળી છે. શ્રેયસની ગેરહાજરી દિલ્હી માટે ફટકા સમાન છે તો આ જ દિલ્હીને પાકિસ્તાન સામેની વન-ડે માં રમવાનું હોવાને લીધે શરૂઆતી મેચોમાં સાઉથ આફ્રિકન આધારભૂત બોલર રબાડા અને નોર્ખીયાની સેવાઓ નહીં મળે. યાદ રહે ગઈ સિઝનમાં આ બન્ને દિલ્હીના ટોપ વિકેટટેકર બોલર્સ હતા. સાઉથ આફ્રિકા પાકિસ્તાન વન-ડે સિરીઝમાં રમવાના હોવાના લીધે મુંબઇને પણ ડી કોક અને ચેન્નઈને એંગીડી ની સેવાઓ થોડા મેચો માટે નહીં મળે. બન્ને ટીમના આ સ્ટાર ખેલાડીઓ છે. એ જ રીતે ઈજાગ્રસ્ત જોફ્રા આર્ચરને રાજસ્થાન રોયલ્સ મીસ કરશે એટ્લે બોલિંગ આક્રમણની જવાબદારી આઈપીએલ ના ઈતિહાસમાં ૧૬.૨૫ કરોડ કિંમત સાથે સૌથી મોંઘા ખેલાડી બનેલા ક્રિસ મોરીસ પર રહેશે.

ક્રિસ ગેલ, હરભજન, ઈમરાન તાહિર, અંબાતી નાયડુ જેવા ખેલાડીઓ માટે કદાચ આઈપીએલ ની આ છેલ્લી સિઝન હોય શકે છે. એમ તો જો ચેન્નઈ ટુર્નામેંટ જીતે અથવા ફાઈનલમાં આવે તો ધોની પણ નિવૃતિની જાહેરાત કરી શકે છે કેમકે ક્રિકેટના બધા આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાથી નિવૃતિ જાહેર કરી ચૂકેલ ધોની માટે જીતની એ પળ આઈપીએલને રામ-રામ કરવા માટે ઉત્તમ હશે. ' ક્રિકેટ ઈઝ એ ફન્ની ગેમ ' એ ન્યાયે કોઈ પ્રિડિક્શન કરવું મુશ્કેલ છે પણ મોટાભાગના વિવેચકો અને ચાહકો મુંબઇને વિજેતા ગણે છે પણ રસપ્રદ વાત એ છે કે મુંબઈ પછી જો કોઈ ટીમના ચાંસિસ વધુ ગણાવતા હોય તો તે બેંગલોર છે. મુંબઈ પછી સૌથી વધુ બેલેન્સ ટીમ બેંગલોર છે. ધોની ભલે જાહેરાતમાં જીતનો મંત્ર આપતો હોય પણ એની ટિમ પ્રોબેબલ વિજેતા લીસ્ટમાં દિલ્હી પછી ચોથા સ્થાને આવે છે. કેમકે રાયડું, રૈના અને ખુદ ધોની તેમજ થોડા સમયથી જાડેજા ક્રિકેટથી દૂર છે અને ટીમના બીજા બેટ્સમેનો પણ ખાસ કઈ ફોર્મમાં છે નહીં. સામે ધવન, પંત, પૃથ્વી, રાહને વાળું દિલ્હી દમદાર લાગે છે. એમ તો ઇન્ફોર્મ બેરસ્ટો, ભૂવી, રશિદ અને નટરાજનવાળી અને ગઈ સિઝનમાં સોલીડ દેખાવ કરનાર સનરાઈઝર્સ પણ ઊલટફેર કરી શકે છે. આ તો આઈપીએલ છે અહી કોઈ ટીમને ઓછી ના અંકાય ચાહે એ પંજાબ હોય, કલકત્તા હોય કે રાજસ્થાન હોય અને આઈપીએલ ની આ જ મજા છે. શોર્ટ ફોર્મેટની આ ક્રિકેટ ફાઈટમાં કુછ ભી હો શકતા હે....!! તો તૈયાર થઈ જાવ બાવન દિવસ ક્રિકેટના આ મહા-કાર્નિવલને માણવા.